મહેસૂલ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવની જોગવાઇઓ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન(GMRC) દ્વારા કાર્યરત થનાર સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટને લાગુ પાડવા બાબત

**ગુજરાત સરકાર**

મહેસૂલ વિભાગ

ઠરાવ ક્રમાંક:- જમન/૧૦૧૬/૮૪૨/અ.૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૨૪/૦૩/૨૦૨૦

**સંદર્ભ-:**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની ફા.નં. MGA/122016/S.F.97(Part-2)/DH

(૨) મહેસૂલ વિભાગનો ઠરાવ ક્રમાંક:- જમન/૧૦૧૬/૮૪૨/અ.૧, તા.૧૭/૦૫/૨૦૧૭

(૩) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ(ફેઝ-I & II) તથા સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણ માટે રચાયેલી હાઈ-પાવર કમિટીની તા.૦૩/૦૭/૨૦૧૭ની બેઠકની કાર્યવાહી નોંધ.

(૪) સામાન્ય વહીવટ વિભાગનો પત્ર ક્રમાંક:-મપબ-૧૦-૨૦૨૦(૨૧)-કેયુ, તા.૧૮/૦૩/૨૦૨૦

**આમુખ:-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સંદર્ભ-(૧) થી મહેસૂલ વિભાગના ઉક્ત સંદર્ભ-(૨)ના ઠરાવની જોગવાઇઓ સુરત મેટ્રો ટ્રેન પ્રોજેક્ટને લાગુ કરવા સંબંધે અત્રે દરખાસ્ત કરેલ છે.

મહેસૂલ વિભાગના તા.૧૭-૦૫-૨૦૧૭ના ઉક્ત સંદર્ભ-(૨)ના ઠરાવની જોગવાઇ મુજબ મેટ્રો લીંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (MEGA-મેગા) કંપની લીમીટેડને નીચે મુજબની જોગવાઇઓને આધીન સરકારી જમીન ફાળવવામાં આવે છે.

**(૧)** મેગા તરફથી ડીપો અને સ્ટેશન તેમજ આનુષંગિક કામો માટે માંગવામાં આવેલ જરૂરિયાતની જમીન જંત્રી ભાવે મેગાને આપવાની રહેશે અને તે રાજ્ય સરકારના સબ-ઓર્ડિનેટ ડેબ્ટના ફાળા તરીકે મેગાને અપાય તેવી વ્યવસ્થાની ગોઠવણી કરવાની રહેશે.

**(૨)** પાર્કિંગ, પુનર્વસન/પુન:સ્થાપન અને વિવિધ લોકસુવિધાઓ માટેની જમીન રૂ.૧/- ના ટોકન ભાવે મેગાને આપવાની રહેશે.

Keep this GR on record of Surat Metro file for future reference

DGM(F&A)

**ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે મેગા કંપનીને સરકારી જમીનો ફાળવવા અંગેના મહેસૂલ વિભાગના તા.૧૭-૦૫-૨૦૧૭ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા કાર્યરત થનાર સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટને નીચેની જોગવાઈઓ લાગુ પાડવા આથી ઠરાવવામાં આવે છે.

**(૧)** GMRC તરફથી ડીપો અને સ્ટેશન તેમજ આનુષંગિક કામો માટે માંગવામાં આવેલ જરૂરિયાતની સરકારી જમીન જંત્રી ભાવે GMRCને આપવાની રહેશે અને તે રાજ્ય સરકારના સબ-ઓર્ડિનેટ ડેબ્ટના ફાળા તરીકે GMRCને અપાય તેવી વ્યવસ્થાની ગોઠવણી કરવાની રહેશે.

**(૨)** પાર્કિંગ, પુનર્વસન/પુન:સ્થાપન અને વિવિધ લોકસુવિધાઓ માટેની સરકારી જમીન રૂ.૧/- ના ટોકન ભાવે GMRCને આપવાની રહેશે.

**૪.** આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

૩/૩/૨૦

(અંકુર એસ. પટેલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ

**પ્રતિ,**

કલેકટરશ્રી-સુરત
જિલ્લો:- સુરત **(BY RPAD)**

**નકલ રવાના-**

(૧) અંગત સચિવશ્રી, અ.મુ.સ.શ્રી(શ.વિ.શ.ગૃ.નિ.વિ)નું કાર્યાલય, શ.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ, સુરત
(૩) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
(૪) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ
(૫) નાણા શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય-ગાંધીનગર
(૬) નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઈલ-૨૦૨૦
(૭) શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૦